# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

સંદર્ભ: (૧) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧, સચિવાલય, ગાંધીનગર, તા:૨૪/૦૫/૨૦૨૦

(૨) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧,સચિવાલય, ગાંધીનગર, તા:૦૩/૦૬/૨૦૨૦

પ્રવેશ પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ/સ્વનિર્ભર બી.એસસી. કોલેજોનાં આચાર્યશ્રીઓ/સંચાલકોને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦-૨૧માં પ્રથમ વર્ષ બી.એસસી. અભ્યાસક્રમમાં પ્રવેશ કાર્યવાહી તા:૦૫/૦૬/૨૦૨૦થી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ હતી. તા:૦૫/૦૬/૨૦૨૦થી વિદ્યાર્થીઓએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના રહે છે. જે માટે યુનિવર્સિટી વેબસાઈટ (http://www.bknmu.edu.in/) ઉપર એડમિશન પોર્ટલમાં દર્શાવેલ લિંક (http://bknmuadm.icrp.in/) ધ્વારા પ્રવેશ ફોર્મ ભરવાનું રહે છે.

ઉક્ત વિગતે હાલની કોવીડ-19ની પરિસ્થિતિ ધ્યાને લઇ ઓનલાઈન ફોર્મ ભરવા માટે સમય વધારો કરવા અંગે કોલેજો તથા વિદ્યાર્થીઓની આવેલ રજુઆતો ધ્યાને લઇ પ્રવેશ સમિતિ ધ્વારા વિદ્યાર્થી હિત ધ્યાને લઇ પ્રવેશ ફોર્મ ભરવા અંગે રજૂઆત થતાં માનનીય કુલપતિશ્રી ધ્વારા પ્રથમ વર્ષ બી.એસસી.માં પ્રવેશ માટે ફોર્મ ભરવાની મુદ્દત તા:૨૧/૦૬/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે.

વધુમાં, પ્રવેશ ફોર્મ ભરવામાં ટેકનીકલ કે અન્ય કારણોસર કોઈ વિદ્યાર્થીઓને પ્રવેશ ફોર્મમાં સુધારા કરવા જરૂરી જણાય તો તા:૧૯/૦૬/૨૦૨૦ થી તા:૨૧/૦૬/૨૦૨૦ દરમ્યાન પ્રવેશ ફોર્મમાં પોતાનાં રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ધ્વારા OTP મેળવી જરૂર જણાય ત્યાં પ્રવેશ ફોર્મમાં સુધારો કરી શકાશે.

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ બી. એસ.સી. પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક (Revised)**

| ક્રમ | કાર્યવાહી | તારીખ |
|---|---|---|
| (૧) | વિદ્યાર્થીઓને ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | ૦૫/૦૬/૨૦૨૦ થી ૨૧/૦૬/૨૦૨૦ |
| (૨) | કોલેજ વાઇઝ પ્રથમ મેરીટ યાદી જાહેર (ઓપન મેરીટ) | ૨૪/૦૬/૨૦૨૦ |
| (૩) | ઓપન તથા અનામત પ્રથમ મેરીટ યાદીના કોલેજ વાઇઝ વિદ્યાર્થીઓની ફી સ્વીકારવાનો સમય | ૨૫/૦૬/૨૦૨૦ થી ૩૦/૦૬/૨૦૨૦ |
| (૪) | કોલેજ વાઇઝ દ્વિતિય મેરીટ યાદી જાહેર (ઓપન મેરીટ) | ૦૩/૦૭/૨૦૨૦ |
| (૫) | ઓપન તથા અનામત દ્વિતિય મેરીટ યાદીના કોલેજ વાઇઝ વિદ્યાર્થીઓની ફી સ્વીકારવાનો સમય | ૦૪/૦૭/૨૦૨૦ થી ૦૮/૦૭/૨૦૨૦ |
| (૬) | કોલેજ વાઇઝ તૃતિય મેરીટ યાદી જાહેર (અનામત મેરીટ યાદી) | ૧૦/૦૭/૨૦૨૦ |
| (૭) | ઓપન તથા અનામત તૃતિય મેરીટ યાદીના કોલેજ વાઇઝ વિદ્યાર્થીઓની ફી સ્વીકારવાની તારીખ | ૧૧/૦૭/૨૦૨૦ થી ૧૫/૦૭/૨૦૨૦ |
| (૮) | સેમેસ્ટર-૧ ના શૈક્ષણિક સત્રનો પ્રારંભ | ૦૧/૦૮/૨૦૨૦ |

કા.કુલસચિવ

નં. બીકેએનએમયુ/એકેડેમિક/૮૧૬/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,ખડીયા, જુનાગઢ. તા.૧૫-૦૬-૨૦૨૦

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ/સ્વનિર્ભર બી.એસસી. કોલેજો આચાર્યશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:
૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી
૨. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,ખડીયા, જુનાગઢ.